બજારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ યથાવત

તંત્ર દ્વારા વારંવાર દંડ વસૂલવા છતાં સેક્ટર- ૨૧ના શાકમાર્કેટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ થઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકા તંત્ર શહેરને પ્લાસ્ટિકમુક્ત કરવા માટે પ્રયત્નશીલ છે. અનેકવાર નિયમ તોડનાર સામે દંડ વસૂલ્યા છે પરંતુ ગાંધીનગરમાં પ્લાસ્ટિકમુક્ત અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે.

તાજેતરમાં સેક્ટર-૨૧ના શાકમાર્કેટમાં ખુલ્લેઆમ વેપારીઓ પ્લાસ્ટિકના ઝભલાં વાપરતા હોવાનું જાણવા મળ્યુ છે. તંત્રની લાલ આંખ હોવા છતાં વેપારીઓ દ્વારા જાહેરમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરાઈ રહ્યો છે જે પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવામાં આવ્યો છે તે પ્લાસ્ટિક હજી પણ બજારોમાં જોવા મળી રહ્યુ છે કાં તો કોઈને તંત્રથી કોઈ ડર નથી... કે તંત્રની કામગીરી આ બાબતે હજી ઢીલી પડી રહી છે.

જ્યારે તંત્ર ચેકીંગમાં નીકળે ત્યારે વેપારીઓને પણ અગાઉથી જાણ થઈ જતા તેઓ માલ-સામાન સગેવગે કરી દેતા હોય છે જે સૂત્રોના જણાવ્યા મુજબ માહિતી મળેલ છે. ઘણા વેપારીઓ શિસ્તબદ્ધ પ્લાસ્ટિકમુક્ત અભિયાનનું પાલન કરી રહ્યા છે, પરંતુ તેની સામે ઘણી જગ્યાએ પ્લાસ્ટિકમુક્ત અભિયાનને યોગ્ય સમર્થન

મળી રહ્યુ નથી. તેથી પાટનગર હજી સુધી પ્લાસ્ટિકમુક્ત બન્યું નથી.

પાટનગરને સ્માર્ટસીટી બનાવવા માટે પર્યાવરણને નુકશાન કરતા પ્લાસ્ટિકમુક્ત નગર બનાવવા મહાનગરપાલિકા અવારનવાર કવાયત હાથ ધરે છે. પર્યાવરણથી લઈને તમામને નુકશાનકર્તા પ્લાસ્ટિકને સંપૂર્ણ બંધ કરાવવા મનપાએ હજી વધુ જનજાગૃતિ કરવી પડશે. લોકોને આ બાબતે વધુ જાગૃત કરવા પડશે.

વર્તમાન ટેકનોલોજીના સમયમાં લોકોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. વર્તમાન યુગમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીનો સૂરજ ઝળહળી રહ્યો છે. વૈશ્વિકસ્તરે સુખ-સગવડ અને સુલભ લોકજીવન શૈલીમાં કુદરતી સ્ત્રોતોના થઈ રહેલા દોહન, પ્રદૂષણના ભરડામાં આવી રહેલ પાણી, હવા અને જમીનના પડકારો સાથોસાથ એક તરફ વૃક્ષો સહિતના વિકલ્પે રોજિંદા જીવનમાં પ્રવેશ પામેલ પ્લાસ્ટિકનું અસ્તિત્વ સર્વે સ્વીકૃત બની રહ્યુ છે.

બીજી તરફ શહેરોમાં નગરોમાં ગામેગામ ખેતરના સીમાડે, નદી, તળાવ, સરોવર, દરિયાકાંઠે, પહાડ અને ઊંડી ખીણો સહિત સમગ્ર અને થળમાં ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિકના કચરાએ પડકારરૂપ સામ્રાજ્ય ફેલાયુ છે. ઝાડ-પાન કે વનસ્પતિના સુકા ભીના કચરા સાથે આ પ્લાસ્ટિકને સામાન્ય લોકો બાળીને હવામાં પ્રદૂષણ કરી રહ્યાં છે.

આમ, શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત બનાવવામાં નાગરિકોના સહકારની જરૂરિયાત છે. શહેરને સ્વચ્છ રાખવા માટે તંત્રની સાથે નાગરિકોનો અભિગમ પણ હકારાત્મક હોવો જરૂરી છે.

એમ એમ સાયન્સ કોલેજમાં એક્સપર્ટ એન્ડ એલ્યુમની ટૉક યોજાઈ

ગાંધીનગર, તા. ૦૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિદ્યાલયની સંલગ્ન શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી અને માઈક્રોબાયોલોજી, એમ. એમ. સી. વિભાગ દ્વારા એકસપર્ટ ટોક અને એલ્યુમિની ટોક રાખવામાં આવી હતી. જેમાં યુનિપથ સ્પેષ્યાલિટી લેબોરેટરી લિ.ના સિનીયર સાયન્ટિસ્ટ ડૉ. સ્પંદન ચૌધરીએ **'Next generation sequencing and its applications'** અને એલ્યુમિની પૂજા ચૌધરીએ **'Role of molecular and NGS Technology in new age diagnostics'** પર વ્યાખ્યાન આપ્યું હતુંજેમાંએમ.એમ.સી. બાયોટેકનોલોજી અને માઈક્રોબા યોલોજીના કુલ ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ અને ૭ અધ્યાપકોએલાભ લીધોહતો.

સિદ્ધાર્થ લો કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સીટી કક્ષાએ ઝળક્યાં

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતેની સિધ્ધાર્થ લો કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સીટી કક્ષાએ શહેરનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત યુનિવર્સીટી દ્વારા મે-૨૦૨૩માં લેવાયેલ એલએલ.એમ.પાર્ટ–૪ની પરીક્ષાનું તાજેતરમાં પરિણામ આવ્યું છે જેમાં યુનિવર્સીટી કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાને સિધ્ધાર્થ લો કોલેજના ત્રણ વિધાર્થીઓ ઉત્તિર્ણ થયા છે.

આ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓમાં જે વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે જેમાં પ્રથમ ક્રમાંકે ઓમકારસિંહ વાઘેલા, દ્વિતીય ક્રમાંકે રિદ્ધિબેન ચાવડા અને તૃતિય ક્રમાંકે સાગરદાન દાંતી ઉત્તિર્ણ થયા છે. આ પ્રસંગે સિધ્ધાર્થ લો કોલેજના મેનેજમેન્ટ, પ્રેસીડેન્ટ ધનશ્યામ અમીન, ટ્રસ્ટી જયેશ ભેરવૈયા અને આચાર્ય દિલીપ મેવાડા તથા સ્ટાફ ગણ તરફથી ત્રણેય વિદ્યાર્થીને અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

સે. ૨૪ના રંગમંચ ખાતે યોગ પરિવારે ગુરુ પૂર્ણિમા ઉજવી

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગરમાં ગુરુ પૂર્ણિમાનું પર્વ ભારે શ્રદ્ધાપૂર્વક ઉજવાયું હતું જેમાં શહેરના મંદિરો, આશ્રમો, શાળાઓ ઉપરાંત શહેરમાં ચાલતા યોગ વર્ગોમાં પણ ઉજવણી કરાઈ હતી. શહેરના સેક્ટર-૨૪ના રંગમંચ ખાતે ઘણા સમયથી રોજ સવારે નિયમિત યોગ વર્ગો ચાલે છે જેમાં યોગ શિક્ષક મનોજભાઈ મેંશન દ્વારા વર્ષના ૩૬૫ દિવસમાં એક પણ દિવસ ચુક્યા વિના અવિરતપણે યોગ-પ્રાણાયામની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. આ યોગ વર્ગમાં પણ યોગાર્થીઓ દ્વારા ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં યોગાર્થીઓએ તેમના યોગશિક્ષક મનોજભાઈનું પૂજન કર્યું હતું.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજનું અત્યાર સુધીનું સૌથી વધારે પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૪

વિશ્વકર્મા સરકારી એન્જિનિયરિંગ કોલેજના અંતિમ વર્ષના ડિગ્રી એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે આનંદોત્સવા પ્લેસમેન્ટ પ્રક્રિયા ડિસેમ્બર-૨૦૨૨માં શરૂ કરવામાં આવી અને જૂન ૨૦૨૩ના અંતે, વિવિધ સ્ટ્રીમના લાયક ૬૬૫ દાવેદારોમાં ૫૧૨ વિદ્યાર્થીઓને નોકરી માટેની ઓફર આપવામાં આવી હતી કે જે અત્યાર સુધીનું સૌથી વધારે પ્લેસમેન્ટ છે.

કારણ કે વર્ષ ૨૦૨૧માં ૧૯૬ વિદ્યાર્થીઓ અને વર્ષ ૨૦૨૨માં ૩૮૦ વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટ મળેલ હતુ. ભાવિ ઈજનેરો માટે આ વર્ષનો સૌથી વધુ પગાર વિદ્યુત અને મિકેનિકલ એન્જિનિયરિંગ શાખાઓમાં આશરે વાર્ષિક રૂ. ૧૨ લાખ સાથે ઓફર થયેલ છે.

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ, સિમેન્સ, લીન્ડએ એન્જી., અને સ્નાઈડર ઈલેક્ટ્રિકે પહેલી વખત વીજીઈસી કેમ્પસ પ્લેસમેન્ટમાં

ભારત ઈલેક્ટ્રોનિક્સ, સિમેન્સ, સ્નાઈડર ઈલેક્ટ્રિક, રિલાયન્સ, ટોરેન્ટ, લાર્સન એન્ડ ટુબ્રો, અદાણી, ટીસીએસ, હિટાચી હાઈ-રેલ જેવી નામાંકિત મલ્ટિનેશનલ કંપનીઓ જોડાઈ અને મહત્તમ પેકેજ આશરે ૧૨ લાખ : કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વિદ્યાર્થીનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

ગત વર્ષના આકર્ષક સરેરાશ વાર્ષિક પેકેજના વારસાને ચાલુ રાખીને આ વર્ષે પણ વીજીઈસીના વિદ્યાર્થીઓને રૂ. ૫.૩ લાખનું સરેરાશ વાર્ષિક પેકેજ ઓફર થયેલ છે.

મહત્વની વાત એ છે કે કેમ્પસ પ્લેસમેન્ટ-૨૦૨૩માં પ્રતિષ્ઠિત મલ્ટિનેશનલ કંપનીઓ જેવી કે એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, ભાગ લીધેલ હતો. તથા અન્ય નામાંકિત કંપનીઓમાં રિલાયન્સ, ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ટીસીએસ, લાર્સન એન્ડ ટર્બો, અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ, હિટાચી હાઈ-રેલ, **IBM, einfochips, Argusoft, Motadata** અને અન્ય જોડાઈ હતી.

ચોમાસાની ઋતુ શરૂ થતા જ શહેરમાં સાપ નીકળવાની ઘટનાઓમાં વધારો થવા પામ્યો છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ધોળેશ્વર મહાદેવ મંદિર પાસેની શિવ આશિષ સોસાયટીમાં એક નાગે દેખા દીધી હતી જેના કારણે સોસાયટીના રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે સોસાયટીમાં રહેતા એક વરિષ્ઠ સ્નેક રેસ્ક્યુઅર વ્યાસકાકાએ નાગનું રેસ્ક્યુ કરીને તેને યોગ્ય જગ્યાએ સહીસલામત છોડીને મુક્યો હતો.

જિલ્લામાં સુબ્રટો ફૂટબોલ સ્પર્ધા માટે શાળાઓ પાસે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૪

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ૬૨મી સુબ્રટો ફૂટબોલ ૨૦૨૩-૨૪નું આયોજન કરવામાં આવનાર હોઈ જે અંતર્ગત જિલ્લાની તમામ શાળાઓ પાસેથી સ્પર્ધામાં ભાગ લેવા પ્રવેશપત્ર મંગાવાઈ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય/શહેરી વિસ્તારમાં આવતી તમામ શાળાના ખેલાડીઓને નીચે દર્શાવ્યા મુજબ જુદા જુદા વયજૂથની સબ જુનિયર ભાઈઓ, જુનિયર ભાઈઓ/બહેનોની સુબ્રટો ફૂટબોલની સ્પર્ધામાં વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા માટે ખાસ અનુરોધ કરવામાં આવે છે. જેથી તમામ શાળાઓએ તા. ૧૨-૭-૨૦૨૩ સુધીમાં શાળાની એન્ટ્રી જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, મહાત્મા ગાંધી વિદ્યામંદિર, ગોવર્ધન હવેલી સામે, સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે. ૬૨મી સુબ્રતો ફૂટબોલ સ્પર્ધાની વયજૂથમાં સુબ્રતો ફૂટબોલ સબજુનિયર ભાઈઓ અંડર-૧૪ જન્મતારીખ ૧-૧-૨૦૧૦ બાદ જન્મેલા હોવા જોઈએ તેમજ સુબ્રતો ફૂટબોલ જુનિયર ભાઈઓ-બહેનો અંડર-૧૭ જન્મતારીખ ૧-૧-૨૦૦૭ બાદ જન્મેલા હોવા જોઈએ અને આ સ્પર્ધાની માહિતી માટે ફૂટબોલ કોચ શાહિદ અમ્બરનો મોબાઈલ નંબર - ૯૮૯૮૫૮૩૦૨૦ પર સંપર્ક કરવો તેમ જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારી કૌશિકભાઈ એન. પટેલની યાદીમાં જણાવે છે.

બેંક ઓફ ઈન્ડિયાએ "મહિલા સન્માન બચત પ્રમાણપત્ર ૨૦૨૩" લોન્ચ કર્યા

ગાંધીનગર, તા. ૦૪

ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તેની તમામ શાખાઓમાં તા.૩જી જુલાઈથી "મહિલા સન્માન બચત પ્રમાણપત્ર ૨૦૨૩" બહાર પાડવામાં આવી છે. બેંકના એમડી અને સીઈઓ રજનીશ કર્ણાટકના હસ્તે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રોલ આઉટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ત્યારે બેંકના ઈડી પી.આર. રાજગોપાલ અને કોર્પોરેટ ઓફિસના સીજીએમ/જીએમ એમ. કાર્તિકેયન ઉપસ્થિત રહ્યાં હતા તેમજ નેશનલ બેંકિંગ ગ્રુપ અને ઝોનની તમામ ઓફિસો પણ વીસી દ્વારા જોડાઈ હતી. આ પ્રસંગે રજનીશ કર્ણાટકે માહિતી આપી હતી કે બેંક ઓફ ઈન્ડિયાએ તેની તમામ શાખાઓમાં આ યોજનાને કાર્યરત કરી છે. બેંક ઓફ ઈન્ડિયાની તમામ શાખાઓને મહિલા સન્માન બચત પ્રમાણપત્ર, ૨૦૨૩ હેઠળ ખાતું ખોલાવવા માટે અધિકૃત કરવામાં આવી છે. આ યોજના હેઠળ કરવામાં આવેલ થાપણો પર વાર્ષિક ૭.૫%ના દરે વ્યાજ વહન કરવું પડશે. વ્યાજ ત્રિમાસિક ધોરણે ચક્રવૃદ્ધિ કરવામાં આવશે અને ખાતામાં જમા થશે. અત્યાર સુધી માત્ર પોસ્ટ ઓફિસોને મહિલા સન્માન બચત પ્રમાણપત્ર હેઠળ ખાતું ખોલાવવા માટે અધિકૃત કરવામાં આવી હતી, પરંતુ સરકારે

તારીખ ૨૭-૦૬-૨૦૨૩ના ગેઝેટ નોટિફિકેશન દ્વારા MSSC ખોલવા માટે અનુસૂચિત બેંકોને મંજૂરી આપી હતી. ખાતુ અકાળે બંધ કરવામાં આવે ત્યારે મૂળ રકમ પર વ્યાજ એ સ્કીમને લાગુ પડતા દરે ચૂકવવાપાત્ર રહેશે જેના માટે એકાઉન્ટ રાખવામાં આવ્યું છે એટલે કે રૂ.૭.૫%. ખાતું ખોલવાની તારીખથી છ મહિના પૂર્ણ થયા પછી ૫.૫% રૂ.૫.૫% એટલે કે ૨% દંડ સાથે અન્ય કોઈપણ કટોકટીના કિસ્સામાં ખાતું અકાળે બંધ કરી શકાય છે. ખાતું ખોલવાની તારીખથી ૧ વર્ષની મુદત પૂરી થયા પછી ખાતાધારક દ્વારા પાત્ર બેલેન્સના ૪૦% સુધીનો ઉપાડ કરીને આંશિક ઉપાડની સુવિધા પણ મેળવી શકાય છે.

શું છે "મહિલા સન્માન બચત પ્રમાણપત્ર ૨૦૨૩"?

બેંક ઓફ ઈન્ડિયાના એમડી અને સીઈઓ રજનીશ કર્ણાટકના જણાવ્યા અનુસાર "આ ફ્લેગશિપ યોજનાની જાહેરાત કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૩ – ૨૦૨૪ના બજેટ ભાષણ દરમિયાન કરી હતી. આ યોજનામાં લઘુત્તમ રોકાણ રૂ. ૧૦૦૦/- છે અને રૂ. ૧૦૦/-ના ગુણાંકમાં કોઈપણ રકમ રૂ. ૨૦૦૦૦૦/-ની મહત્તમ મર્યાદા સુધીના ખાતામાં જમા કરવાનું પસંદ કરી શકાય છે. વ્યક્તિ બે ખાતા વચ્ચે ત્રણ મહિનાના અંતરાલમાં રોકાણ માટેની મહત્તમ મર્યાદાને આધીન ગમે તેટલા ખાતા ખોલી શકે છે પરંતુ રૂ. ૨,૦૦,૦૦૦/-ની એકંદર મર્યાદામાં આ યોજના હેઠળ કરવામાં આવેલ થાપણો પર વાર્ષિક ૭.૫%ના દરે વ્યાજ વહન કરવું પડશે. વ્યાજ ત્રિમાસિક ધોરણે ચક્રવૃદ્ધિ કરવામાં આવશે અને ખાતામાં જમા થશે. મહિલા સન્માન બચત પ્રમાણપત્ર હેઠળની તમામ કમાણી હાલની આવકવેરાની જોગવાઈઓ અનુસાર કરપાત્ર હશે. જો કે યોજના હેઠળ TDS કાપવામાં આવશે નહીં."

પ્રવર્તમાન ફિક્સ પગાર નીતિ દૂર કરવા કર્મચારી મહામંડળની માંગ

ગાંધીનગર, તા. ૦૪

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યમાં પ્રવર્તમાન ફિક્સ પગાર નીતિ દૂર કરવા બાબતે રાજ્યના મુખ્યમંત્રી તેમજ નાણામંત્રીને આવેદન પત્ર લખી ફિક્સ પગારની નીતિ તાત્કાલીક ધોરણે દૂર કરવા માંગણી કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા લખવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે રાજ્ય સરકારના વિભાગોની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં કરકસરની નીતિના ભાગરૂપે ૦૫ (પાંચ) વર્ષ માટે ફીક્સ પગારથી સીધી ભરતીની નિમણૂકો કરવાની નીતિ અમલમાં છે જેનો કર્મચારી મહામંડળ હંમેશા વિરોધ નોંધાવતું રહ્યુ છે. આ નીતિને હાઈકોર્ટમાં પીઆઈએલના સ્વરૂપે પડકારવામાં આવી હતી, જેમાં નીતિ નાબુદ કરવાનું નામ, હાઈકોર્ટ દ્વારા વર્ષે-૨૦૧૨ માં ચુકાદો આપવામાં આવ્યો હતો. જે સંદર્ભે સરકારે નામ. સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે, જે હજુ પણ પેન્ડીંગ છે. રાજ્યના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી ૨૫ થી ૩૫ વર્ષની ઉંમરે સરકારી સેવામાં જોડાય છે. વર્ગ-૩ના ભરતી થતાં ફિક્સ પગારના કર્મચારીઓ વતનથી દૂર અસહ્ય મોંઘવારીમાં પારિવારીક જવાબદારીઓ સાથે તાલમેલ સાધી આગળ ધપાવવામાં આર્થિક, સામાજિક અને માનસિક રીતે પીડાઈ રહ્યાં છે. ફિક્સ પગારમાં ફરજ બજાવતા કર્મચારીઓ માન્ય ભરતી બોર્ડ દ્વારા સીધી ભરતીથી અન્ય સમકક્ષ કે ઉપલી જગ્યાએ જોડાય ત્યારે આવા કર્મચારીઓની અગાઉના સંવર્ગમાં બજાવેલ સેવાઓને હાલની સેવા સાથે રજા, પગાર અને નિવૃત્તિ વિષયક લાભો સાથે જોડવામાં આવતી નથી, જેથી ફિક્સ પગારના કર્મચારીઓને વારંવાર ફિક્સ પગારમાં નોકરી કરવાની થતી હોઈ સરેરાશ દસ વર્ષ જેટલો યુવાનીનો સમય તો ખોટી રીતે જ શોષણનો ભોગ બને છે. વધુમાં જણાવ્યું છે કે નોકરી(સેવા)ના જે વર્ષો ઈજાફાપાત્ર ગણાય એ જ નોકરી (સેવા)ના વર્ષો બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો ગણતી વખતે ધ્યાને લેવાય છે. નિયમિત કર્મચારી કોઈ ગંભીર કેસમાં દોષિત ઠરે, તો દોષિત કર્મચારીઓને ૧ કે ૨ ઈજાફા ભવિષ્યની અસર સાથે અટકાવવાની શિક્ષા કરવામાં આવે છે. ભવિષ્યની અસર સાથે ઈજાફા અટકાવવાની શિક્ષા ગુજરાત રાજ્ય સેવા શિસ્ત અને અપીલ નિયમો-૧૯૭૧ મુજબ મોટી શિક્ષા કરવામાં આવે છે. આ નુકસાન ષ્ઠેદ્વેઞ્ઞૈંદ્દી (ઉત્તરોત્તર વધતું જતું-કદી ભરપાઈ ન થઈ શકે તેવું) હોય છે. માન્ય ભરતી બોર્ડ દ્વારા સીધી ભરતીથી વર્ગ-૩માં નિમણૂક મેળવનાર ફીક્સ પગારના કર્મચારીઓને ૫ (પાંચ) વર્ષ માટે અજમાયશી સમયમાં રાખવામાં આવે છે. વર્ગ-૩ના કર્મચારીઓની ફરજો અને જવાબદારીઓ, વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની સાપેક્ષે ઓછી હોવા છતાં ફીક્સ પગારના વર્ગ-૩નાં કર્મચારીઓનો અજમાયશી સમય ૫ (પાંચ) વર્ષ અનૂચિત છે તેમજ કુદરતી ન્યાયનાં સિદ્ધાંત વિરુદ્ધ છે. ફિક્સ પગારની નીતિ અન્ય રાજ્યો સાથે સરખામણી કરતાં ગુજરાતમાં આ નીતિ અત્યંત કઠોર નીતિ હોવાનું જણાય છે. આ નીતિ ગુજરાતની અસ્મિતા અને ગૌરવને ઝાંખપ લગાડનારી હોઈ ફીક્સ પગારની નીતિ તાત્કાલીક ધોરણે દૂર કરવા સરકારને કર્મચારી મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

બે શ્રમજીવી યુવાનોએ પ્રસુતાની જિંદગી બચાવવા રક્તદાન કર્યુ

ગાંધીનગર, તા. ૦૪

એવું કહેવાય છે કે "પહેલો સગો પડોશી" હોય છે અને આ ઉક્તિને ગાંધીનગરની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી વર્ગના બે સેવાભાવી યુવાનોએ સાબિત કરી દેખાડી છે. શહેરના સેક્ટર-૧૩માં રહેતા શ્રમજીવી વર્ગની એક મહિલા પિંકીબેન દંતાણીને પ્રસુતિ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ મહિલાને પ્રસુતિ દરમ્યાન વધુ પડતો રક્તસ્ત્રાવ થઈ જવાને કારણે લોહી ચઢાવવું પડે તેમ હતું. આ માટે બે રક્તદાતાઓની જરૂર હતી પરંતુ તેમના પરિવારમાં કોઈ રક્તદાન કરી શકે તેવું હતું નહીં તેથી મુંઝવણ ઉભી થવા પામી હતી. આ સમયે તેમની ઝુંપડપટ્ટીમાં જ નજીકમાં રહેતા શ્રમજીવી વર્ગના જ બે સેવાભાવી યુવાનો દશરથ વણઝારા અને જીતુભાઈ બારોટે રક્તદાન કરીને તેણીનો જીવ બચવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. યુવાનોની આ પ્રસંશનીય સેવા માટે અડોસી પાડોસીઓએ તેમને બિરદાવ્યા હતા.